સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨–૧૧–૧૦ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–:–:–:–:–

:::::::::::::::

મ્યુ. કમિશનરશ્રીના તા.૨૭–૧૦–૧૦ ના પત્ર નં. સીમીસ/૮/૨૩ થી વિદિત થઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૬ (ડુમસ–વાંટા– ગવિયર) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ–૪૮ (૧) હેઠળ સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા બાબતના કામે સમિતિની સભામાં હાજર રહેલ ડે.કમિશનરશ્રી (પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ) સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, ઉકત કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૬ (ડુમસ–વાંટા– ગવિયર) ની દરખાસ્તમાં આ સમિતિના તા.૫/૮/૨૦૧૦ ના ઠરાવ નં.૩૧/૨૦૧૦ માં જણાવેલ સુધારાઓ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૨ (૧) મુજબ સુધારા સાથે પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) મુજબ નગર રચના યોજના સરકારશ્રીમાં સાદર કરતા પહેલા આ સમિતિને ઓછામાં ઓછો ૧૫ દિવસનો સમય મળે તે મુજબ મ્યુ.કમિશનરશ્રીએ દરખાસ્ત રજુ કરવા ભારપૂર્વક ઠરાવવામાં આવેલ તેમ છતાં આ મુદ્દાને ધ્યાનમાં લીધા વગર મ્યુ.કમિશ્નરશ્રીએ સમિતિ સમક્ષ મોડુ રજુ કરેલ છે તે ખૂબજ ગંભિર બાબત છે.

(૨) આથી, હવે પછી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૬ (ડુમસ–વાંટા–ગવિયર) માં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવા અને તેને આનુસંગિક ફેરફાર કરવા તેમજ તે મુજબના સુધારા કર્યા બાદ જ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૬ (ડુમસ–વાંટા–ગવિયર) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ–૪૮ (૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. ફેબ્રુઆરી–૨૦૦૬ અને જુલાઈ–૨૦૦૬ માં સુરતમાં થયેલ હદ વિસ્તરણ પહેલા 'સુડા' ના સમયમાં થયેલ બાંધકામો કે જેમાં જે તે હેતુ માટે હિત સંબંધ ધરાવનાર ધ્વારા વપરાશ/ઉપયોગ ચાલુ હોય, હયાત પરિસ્થિતિ અને માનવતાને ધ્યાને લઈ વપરાશ હેઠળના બાંધકામો ઉપર મુકવામાં આવેલ રીઝર્વેશન/રસ્તા (સુડાના મંજુર રીવાઈઝડ ડેવલપમેન્ટ પ્લાન તા.૨/૯/૨૦૦૪ ના ટી.પી.ના રીઝર્વેશન પ્લોટ અને ટી.પી. ના રોડ પરના બાંધકામો સિવાય) દુર કરવા જરૂરી સુધારા કરવા.

૨. આ સ્કીમ વિસ્તારમાં ૧૦૦૦ ચો.વાર (૮૩૬ ચો.મી.) થી નાના પ્લોટો જે રેકર્ડ પર નોંધાયા હોય તથા નિયમ અનુસાર સક્ષમ સત્તા ધ્વારા બીનખેતી થયેલ હોય તેવા કેસોમાં કપાત કરવી નહી.

૩. આ સ્કીમ વિસ્તારમાં જે કેસોમાં સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ હોય તેવા તેમજ પ્લાન મંજુર થયેલા હોય તેવા કેસોમાં રજુ થયેલ પ્લાનને અસર ન થાય તે રીતે કપાત કરવા તેમજ તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

૪. વધુમાં, ફરી થયેલ કોઈપણ ટી.પી. સ્કીમ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ ની કલમ–૪૨ (૧) મુજબ પ્રસિધ્ધ કરવા તેમજ સદર એકટની કલમ–૪૮ (૧) મુજબ સરકારશ્રીમાં સાદર કરતા પહેલા આ સમિતિને અભ્યાસ કરવા માટે ઓછામાં ઓછો ૧૫ દિવસનો સમય મળે તે મુજબ સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરવા આ સમિતિના તા.૫/૮/૨૦૧૦ ના ઠરાવ નં.૩૧/૨૦૧૦ થી ઠરાવેલ છે તેનો ચુસ્તપણે અમલ કરવા આથી મ્યુ.કમિશનરશ્રીને ભારપૂર્વક ફરીથી જણાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૪૧/૨૦૧૦ સર્વાનુમતે મંજુર</u>

સ.ર. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા. ૩–૧૧–૧૦.